Research Review | ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal | Feb. 2020, Year - 6 (82)
www.researchreviewonline.com | Paper ID : RRJ000086

# નિરંજન ભગતનુ સાહિત્ય સર્જન

**સંશોધક**
**ડો. ક્રિષ્ના કે. સાંડપા**
**મદદનિષ પ્રાધ્યાપક**
**ગુજરાતી વિભાગ**
**ડી. એન. પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા**

---

નિરંજન ભગતનો પ્રથમ કાવ્યસંગ્રહ 'છંદોલય' ૧૯૪૯માં પ્રગટ થયો. ૧૯૫૦માં 'કિન્નરી' નામનો ગીતસંગ્રહ પ્રગટ થયો. ત્યારબાદ 'અલ્પવિરામ' અને 'પ્રવાલદ્વિપ', ૧૯૫૭માં સંવર્ધિત 'છંદોલય'માં તેમની સઘળી ઉત્તમ કવિતા સંગ્રહિત છે. એ પછી ૧૯૫૮માં '૩૩ કાવ્યો' નામે સંગ્રહ આપ્યો. આ કાવ્યો છેલ્લે ' છંદોલય'ની બૃહદ્ આવૃત્તિમાં સર્વ સમાવિષ્ટ છે. 'છંદોલય' આધુનિક ગુજરાતી કાવ્યસાહિત્યનો એક ઉત્તમ કાવ્યસંગ્રહ છે.

નિરંજન ભગત પોતે કહે છે તેમ, તેમની ૧૯૪૩થી ૧૯૪૮ની 'છંદોલય' અને 'કિન્નરી'ની કવિતાનો નાયક રંગદર્શી પ્રેમીજન છે. એનામાં આરંભમાં મુગ્ધતા અને ભાવનામયતા છે. એનામાં ઉદ્રેક અને ઉગ્રતા છે, ઉત્સાહ અને ઉન્માદ છે. પછીથી વાસ્તવિકતા અને વસ્તુલક્ષિતાને કારણે મુખ્યત્વે પ્રેમના અનુભવે ક્રમે ક્રમે એનામાં વિફલતા અને વિકલતા, ઉત્તરોત્તર એનામાં વિષાદ અને વેદના પ્રગટ થાય છે ત્યારે એનામાં એક તિવ્રતા અને તીક્ષ્ણતા તથા ઉપેક્ષા અને ઉદાસીનતા પણ છે. પણ નિરંજન ભગતની કવિતામાં પ્રણયનિરૂપણ મુગ્ધ પ્રેમથી વિકસીને છેક વિશાળ માનવપ્રેમ સુધી વિકસે છે, વિસ્તરે છે.

નિરંજનની કવિતામાં રાધા–કૃષ્ણની પ્રેમભક્તિનું ગાન છે. તે પણ નરસિંહ ભગતની જેમ ''હરિવર મુજને હરિ ગયો' એવું ગાન કરે છે. પ્રણયનું ઉન્મત્ત નિરૂપણ કરે છે. અને પ્રકૃતિકાવ્યો રચે છે. પણ પછી તેઓ બોદલેરના માર્ગે નગરકવિતા અને આધુનિક જીવનની સંવેદના આલેખે છે.

ગુજરાતી કવિતામાં નિરંજન ભગતની બે પ્રસ્થાન છે : એક તો એમણે મસ્તરંગની કવિતામાં પ્રણય, ચુંબન અને સ્તન વિષયક કાવ્યોમાં પ્રગલ્ભતા દાખવી, અને બીજું આધુનિક નગરજીવનની બોદલેરશાહી કવિતા કરી. પ્રણયના રંગદર્શી કવિ, 'સંસ્મૃતિ' કાવ્યથી 'પ્રેમીજન'થી આગળ વધીને 'આધુનિક મનુષ્ય' તરીકે અભિવ્યક્ત થાય છે અને સાંસ્કૃતિક– આધુનિક જીવનની સમીક્ષા કરે છે.

પ્રણયનું ઉત્કૃટ સંવેદન આરંભમાં 'મારી પાંપણને પલકારે', 'રઘ્યની ઋતુઓ', 'અદીઠા સ્વપ્નો', 'સ્વપ્ન', 'મેઘલી રાતે', 'કોને?'... જેવાં ઊર્મિકાવ્યો આપે છે. કવિ 'કોને?' કાવ્યમાં કહે છે :

***''તને કે સ્વપ્નોને,***
***કહે, હું તે કોને***
***ચહું–સ્વપ્ને તું ને સ્વપ્ન તુજમાં***
***જોઈ રહું ત્યાં?''***

કવિ સ્નેહનાં સ્વપ્નમાંથી પ્રેમની ભૂમિ પર આવે છે અને 'સુધામય વારુણી' પ્રગટે છે. કવિ 'સુધામય વારુણી' કાવ્યમાં કહે છે–

***''એક ચૂમી***

*મત્ત પાગલ મેહુલા જેવી ઝૂમી,*
*બસ એક ચૂમી મેં લીધી;*
*શી સ્વર્ગની જ સુધા પીધી !''*

અહીં કવિ કલાપીના 'ચુંબનવિપ્લવ'ની યાદ અપાવે છે. 'બે ફૂલ' કાવ્યમાં સ્તનની વાત કરે છે. જેમકે–

*''બે ફૂલ ફૂટ્યાં!*
*ચાંચલ્યનું ચુંબન થઈ પ્રિયાના*
*હિલ્લોલતા સ્ત્રોવરને હિયાના,*
*વસંતના વ્યાકુલ વાયું છૂટ્યાં,*
*ને ફૂલ ફૂટ્યા!''*

આ ઉત્તમ રાગ પછી તેઓ 'હે પ્રીત!' કાવ્યમાં પ્રીતને છલના કહે છે. 'અષાઢ આયો'માં વિરહ–વેદનાનું નિરૂપણ થયું છે. 'આજ વસંતવેણ વાઈ રહી'ની સાથે જ 'મારે ઉર ઉદાસી છાઈ રહી''– એવી વિપ્રલંભ ચીસ પાડે છે.[૧]

પ્રકૃતિના ચિત્રણ પ્રણયભાવનાં ઘણાં કાવ્યોમાં ઉદ્દીપન વિભાવ બનીને આવે છે તેમ છતાં 'છંદોલય'માં સ્વતંત્ર વિષય બનીને પ્રકૃતિ કવિતામાં નિરૂપાઈ છે. તેમાં 'પારેવાં','શ્વેત શ્વેત', 'કૂવાને કાંઠડે', 'અષાઢ', ' ગ્રીષ્મ મધ્યાહ્નમાં'... વગેરે પરિચિત છે. 'તડકો' કાવ્યમાં કવિ કહે છે–

*''સાવ અડીખમ પડ્યો,*
*કશેયે જરીક તો કોઈ અડકો!''*

*''અહીં ધરતી પર નક્કર જાણે ધાતુ*
*શો તસતસતો.''.....*

નરી સ્પર્શક્ષમતા કવિનો સહૃદય ભાવક સુધી પહોંચાડવામાં સફળ રહે છે. એવું જ 'તારલી' કાવ્યમાં પ્રકૃતિનું સુંદર નિરૂપણ થયેલું જોવા મળે છે.

## નગરકવિતાના પ્રવર્તક : જીવનસમીક્ષક :

કવિએ પોતે જેને આધુનિક કવિતા તરીકે ઓળખાવી છે તે ૧૯૪૮થી ૧૯૫૮ના એક દાયકાની કવિતા છે. મહાનગર મુંબઈના વસવાટનો તે સમયગાળો હતો. એ અરસામાં કવિ તીવ્ર સંવેદન અનુભવે છે. એ સમય આપણા દેશની સ્વાતંત્ર્યપ્રાપ્તિનો પણ સમય છે. દેશવિભાજન, કોમી રમખાણો, રાષ્ટ્રપિતાની હત્યા વગેરે. ઘટનાઓ કવિને અંદરથી હચમચાવી મૂકે છે. આથી જ તેમની કવિતામાં જન્મ–મૃત્યુના પ્રબળ ભાવોની અભિવ્યક્તિ જોવા મળે છે. ગાંધીજીનો શહીદીની ઘટના કવિ આ રીતે રજૂ કરે છે :

*''મૃત્યુ પણ મૌન ધારી ગયું જે ક્ષણે*
*એ ક્ષણોને વૃથા વાણી તે શું વણે?''*

આથી વિશેષ પ્રબળ અભિવ્યક્તિ અન્યથા શી રીતે થઈ શકી હોત ? કવિ માનવ માત્રની નિરાશા અને નિર્વેદને બરાબર વ્યક્ત કરે છે –

*''હું સ્વપ્નનો સુરમો લઈ જન્મ્યો હતો*

***પણ હવે તો મેશ પણ મળતી નથી!''***

વર્તમાન જીવન નગરજીવન તરફ ખેંચાઈ રહ્યું છે. મહાનગરી અને ત્યાંની યંત્રસંસ્કૃતિએ ગામડાં ભાંગ્યાં છે અને પ્રકૃતિથી વિચ્છેદ વહોરી લીધો છે. 'હું નગરનું સંતાન છું. એટલું જ નહીં. હું એક ઔદ્યોગિક નગરનું સંતાન છું.'– એમ પોતાની ઓળખ આપનાર આ કવિ નગર સભ્યતાથી પૂરા પરિચિત છે. તેમણે મુંબઈ શહેર નિમિત્તે આધુનિક નગરસભ્યતાનું 'પ્રવાલદ્વીપ' શીર્ષક હેઠળના નગરકાવ્યોમાં નિરૂપણ કર્યું છે.

'પ્રવાલદ્વીપ' શીર્ષક પ્રતીકાત્મક છે. 'પ્રવાલદ્વીપ' માનવજીવનના નિર્મૂલન (rootlessness) સૂચક છે. સ્થળ, કાળ અને પાત્રોના નિરૂપણ દ્વારા 'પ્રવાલદ્વીપ' કાવ્યશ્રેણીમાં મુંબઈની ભૂગોળ વધુ તો ચૈતસિક ભૂગોળ પ્રત્યક્ષ બની રહે છે. ચાર પૈડાંને ચકરાવે ચડેલી આ નગરી અને તેની મનુજસંસ્કૃતિ પર કયારેક કટાક્ષ, કયારેક કટુતા, કયારેક કરુણા વ્યક્ત કરે છે. વર્તમાન નગરજીવન બાહ્ય સ્વરૂપમાં આકર્ષક, વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ જણાય છે. પરંતુ વસ્તુતઃ તે યાંત્રિક, એકવિધ, કૃત્રિમ, છિન્નભિન્ન, નિષ્પ્રાણ અને લક્ષ્યહીન છે. અહીં વસતો માનવી તેનું આગવું વ્યક્તિત્ત્વ ગુમાવી બેઠો છે. 'મુંબઈનગરી','આધુનિક અરણ્ય', 'ફાઉન્ટનના બસસ્ટોપ પર', 'ચર્ચગેટથી લોકલમાં', 'હોર્નબી રોડ','પાત્રો', 'ગાયત્રી'... વગેરે કાવ્યો જોતાં તરત જ આ અંગેની ભાવકને પ્રતીતિ થાય છે.

શબ્દને જેમણે સિદ્ધ કર્યો છે તેવા કવિ નિરંજન ભગત વ્યંગ અને વક્રતાથી વાણીને પ્રગટ કરે છે ત્યારે પણ એમાં કવિસહજ કરુણા ભરેલી જોવા મળે છે.

***''મેં આ જગતની કેટલી કીર્તિ સુણી'તી સ્વર્ગમાં***
***તે આવવાની લ્હાયમાં ને લ્હાયમાં,***
***હું કીકીઓ ભૂલી ગયો ત્યાં કલ્પદ્રુમની છાંયમાં?''***
***(આંધળો)***

એકસો અનુષ્ટુપમાં એટલે કે બસો પંક્તિઓમાં; પ્રાતઃ મધ્યાહ્ન અને સાંય એમ ત્રણ ખંડમાં વહેંચાયેલું 'ગાયત્રી' એ કવિનું એક મહત્ત્વાકાંક્ષી કાવ્ય છે.

'છંદોલય બૃહત્'માં 'હાથ મેળવીએ', 'ઘર', 'આ પાનખરમાં', 'સંવાદ', 'બે પાય ધરવા જેટલી', ' ફરવા આવ્યો છું', 'પથ્થર થર થર ધ્રુજે' વગેરે કાવ્યોમાં કવિ, મનુષ્ય–મનુષ્ય વચ્ચેનો જે સરળ પ્રશ્ન ઔદ્યોગિક સંસ્કૃતિએ ગૂંચવી નાખ્યો છે. તેને ઉકેલવા મથે છે :

***''આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો–***
***અરે, એના વડે આવો,***
***પરસ્પરના હૃદયનો ભાવ ભેળવીએ;***
***અને બિનઆવડત સારું નઠારું કેટલુંયે કામ કરતા***
***આપણા આ હાથ કેળવીએ!''***

કવિ નિરંજન ભગત માનવપ્રેમી છે. સાહિત્યના અધ્યાપક છે. ઋજુ ભાવોના ગાયક છે. લીલીછમ સંસ્કારિતા ધરાવતા સારસ્વત છે. કાવ્યભાષાને તેમણે આપેલા અવનવા વળાંકો શબ્દપસંદગી ને શબ્દવિન્યાસ પ્રતીકો–કલ્પનોની સૂઝપૂર્વકનો ઉપયોગ આ કવિની કવિતાને ચિરંજીવી બનાવે છે.

## બહુશ્રુત વિવેચક :

પ્રા. નિરંજન ભગત વિદ્વાન અને બહુશ્રુત વિવેચક છે. તેમને પાશ્ચાત્ય કવિતા અને મહાકાવ્યો પર સાંભળવા એ એક લહાવો છે. 'કવિતાનું સંગીત' (૧૯૫૩)માં આપણને મળે છે. તે બ.ક.ઠાકોરની અગેય પદ્યરચનાના વિરોધમાં કવિતાના સંગીતનું મહત્ત્વ સમજાવે છે. 'આધુનિક કવિતા : કેટલાક પ્રશ્નો'માં આધુનિક ગદ્યકવિતા અર્થનિરપેક્ષતા અને અસ્તિત્વવાદ જેવા મુદ્દાની ચર્ચા કરે છે. 'યંત્રવિજ્ઞાન અને મંત્રકવિતા'માં ઔદ્યોગિકક્રાંતિને દાર્શનિક કવિતાની યાત્રા વર્ણવી છે. 'કવિ ન્હાનાલાલ', 'કવિતા કાનથી વાંચો','નાનાલાલની ઊર્મિકવિતા', 'મીરાંબાઈ', 'ડબલ્યુ.બી.પેટ્સ', 'એલિયટ'.... વગેરે પરિચય પુસ્તિકાઓ આપી છે.

તેમણે કરેલા ઓડનનાં કાવ્યો', એલિયટ, રિલ્કે અને ટાગોરના કાવ્યના અનુવાદ અને રવીન્દ્રનાથ ટાગોરની 'ચિત્રાગંદા'નો વનવેલી છંદમાં કરેલો પદ્યાનુવાદ નોંધપાત્ર છે. ધીરુભાઈ ઠાકર નોંધે છે કે– " રાજેન્દ્રની તુલનાએ નિરંજનની કાવ્યકૃતિઓમાં ભાવ કે વિચાર સુંદર કલ્પનરૂપે મઢાઈને સાફ–સૂથરાં છંદોલયની સંઘેડાઉતાર ચમકવાળો આકાર ધારણ કરે છે. રાજેન્દ્રની કવિતા આષાઢી મેઘનો રા મેન્ટિક આવિષ્કાર લાગે; નિરંજનની કવિતા શ્રાવણની નિર્મળ અને નિયંત્રિત સૌષ્ઠવયુક્ત મેઘધારાની શિષ્ટ છાપ પાડે છે.''[૨] આમ, નિરંજન ભગતના જીવન અને સાહિત્યસર્જનનો પરિચય થાય છે.

### ❖ પાદટીપ ❖

૧. એજન, પૃ.૨૨૯
૨. 'અર્વાચીન ગુજરાતી સાહિત્ય વિકાસરેખા', ભાગ–૪, પૃ.૩૪૪